# ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર

## કપાસની ખેતી પધ્ધતિ માટે અઠવાડિક સલાહ (૧૧ થી ૧૭ જુલાઈ, ૨૦૧૬)

**"આ સલાહ જે તે રાજયની કૃષિ યુનિવર્સિટીઓ પાસેથી મળેલ માહિતી મુજબ પ્રસિધ્ધ કરેલ છે"**

### ખેત આબોહવા સલાહ

| જુલાઈ–૧૬ | વરસાદ (મીમી) | | | | | | | | | | | | | સલાહ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | વાસ્તવિક વરસાદ (મીમી) | | | | | | | | અંદાજીત વરસાદ (મીમી) | | | | | |
| તારીખ | તા.૩૦/૬ થી તા.૬/૭/૨૦૧૬ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | |
| ગુજરાત | | | | | | | | | | | | | | ગુજરાત રાજયનાં કપાસ ઉગાડતાં જીલ્લાઓમાં ચોમાસુ છવાયેલ છે પરંતુ વરસાદની વહેંચણી અસમાન છે. ભેજ જાળવણીનાં પગલાં અગ્રિમતાના ધોરણે લેવાની જરૂરીયાત છે. સીઝન દરમ્યાન ભેજની ખેંચ ન પડે તે માટે નીચે મુજબનાં ભલામણ કરેલ પગલાંઓ ગંભીરતાપૂર્વક લેવા જરૂરી છે. ૧. વાવણીનાં કાર્યો ૧૫ જુલાઈ પહેલાં પુર્ણ કરવાં. ૨. નીક અને પાળા પધ્ધતિથી પાળા ઉપર વાવણી કરવી. ૩. જમીનમાંથી ભેજ ઉડી જતો અટકાવવા પાક અવશેષોનું આવરણ અથવા સમાચાર પત્રોના પાનાનું આવરણ(મલ્ચીંગ) કરવું. ૪. લીલાં તડતડીયા સામે સહનશીલ હોય તેવી ટુંકાગાળાની અથવા મધ્યમ મોડી બીટી કપાસની સંકર જાતોની પસંદગી કરવી. ૫. જે વિસ્તારમાં પિયતની સગવડ નહિવત હોય ત્યાં ટુંકાગાળાની જાતો માટે વાવણી અંતર ૯૦×૩૦ સે.મી.નું પસંદ કરવું. ૬. ખેડુતોને અસલી માન્ય કપાસની સંકર જાતોનું બીયારણ બીલ સહિત ખરીદવાની સલાહ આપવામાં આવે છે. કાળી અથવા મધ્યમ ઉંડી જમીનમાં ચુસીયા જીવાતો સામે સહનશીલ હોય તેવી ટુંકાગાળાની (૧૮૦ દિવસથી ઓછી) બીટી કપાસની જાતોની અસરકારક જીવાત વ્યવસ્થાપન માટે પસંદગી કરવી. ટુંકાગાળાની જાતોની વહેલી અને સમયસર વાવણીથી જીવાતોનો ઉપદ્રવ ટાળી શકાય છે અને ફુલ અને જીંડવા બેસવાના સમયે પર્યાપ્ત માત્રામાં જમીનમાં ભેજ મળી રહે છે. જેથી ઓછા ઘટકોનાં વપરાશથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે. નિંદામણનાશક દવા, પેન્ડીમીથાલીન ૧ કિલો પ્રતિ હેકટર મુજબ વાવણી પહેલાં અથવા વાવણી બાદ ૪૮ કલાકના (૨ દિવસના) સમયગાળામાં કપાસ ઉગ્યાપૂર્વનો છંટકાવ કરવો. જુનાગઢમાં કપાસનો પાક ૨૧ દિવસનો છે. આંતરખેડ અને નિંદામણ કાર્ય પુરું થયેલ છે. લીલાં તડતડીયાની વસ્તી આર્થિક ક્ષમ્ય માત્રાની નીચે છે(૧/૩ પાનો/ છોડ). |
| અમરેલી | ૧૧૯.૫ | ૦.૭ | ૦ | ૦ | ૧.૬ | ૦.૩ | ૦.૯ | ૦ | ૨૬ | ૧૬ | ૮ | ૧૭ | ૨૩ | |
| ભાવનગર | ૧૧૯.૭ | ૦.૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૪ | ૨૮ | ૯ | ૪ | ૯ | ૧૨ | |
| જામનગર | ૧૩.૧ | ૦ | ૦ | ૦.૩ | ૦.૨ | ૦.૪ | ૦.૨ | ૦.૫ | ૨૬ | ૧૯ | ૧૧ | ૪ | ૧૧ | |
| રાજકોટ | ૨૮.૧ | ૦ | ૦ | ૦.૨ | ૦ | ૦ | ૦ | ૧.૩ | ૨૬ | ૧૬ | ૮ | ૧૭ | ૨૩ | |
| ભરૂચ | ૪૩.૭ | ૦ | ૦ | ૦ | ૩.૪ | ૦.૬ | ૦ | ૨.૪ | ૭૫ | ૩૫ | ૫ | ૧૧ | ૧૦ | |
| સાંબરકાંઠા | ૬૯.૯ | ૦ | ૦ | ૦ | ૦.૨ | ૮.૭ | ૨.૨ | ૧૮.૩ | ૭૨ | ૦ | ૩ | ૬ | ૧૦ | |
| સુરેન્દ્રનગર | ૩૨.૩ | ૦.૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૪૮ | ૧૯ | ૭ | ૩ | ૧૧ | |
| અમદાવાદ | ૨૨.૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૬ | ૦ | ૯.૧ | ૯૬ | ૩૮ | ૮ | ૧૭ | ૨૩ | |
| વડોદરા | ૨૩.૩ | ૦ | ૦ | ૦.૫ | ૧.૮ | ૦.૨ | ૭.૪ | ૨૩.૬ | ૯૮ | ૧૯ | ૬ | ૬ | ૭ | |
| પાટણ | ૧૬.૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૨.૯ | ૫૭ | ૫ | ૦ | ૬ | ૧૬ | |
| મહેસાણા | ૪૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૪.૯ | ૫૩ | ૩ | ૦ | ૩ | ૧૧ | |

| નોંધ | | | | | |
|---|---|---|---|---|---|
| વરસાદ (મીમી) | < ૫ | ૫–૨૦ | ૨૧–૫૦ | ૫૧–૮૦ | > ૮૦ |
| | | | | | |

સ્ત્રોત : http://nwp.imd.gov.in/bias/dist_fcst.htm